પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૧૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૪-૦૯-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 11 PRICE :-RS. 1.50 DATE : 04-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

# ચીન દ્વારા તાલિબાનને આર્થિક મદદનું આશ્વાસન

કાબુલ,

અમેરિકા ચીન પર ઝિંઝિયાંગમાં લોકલ મુસ્લિમ ઉઈગર વસતિ વિરુદ્ધ માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે. ચીન પર આ સમુદાય પાસે બંધુઆ મજૂરી કરાવવાનો અને અનેક પ્રકારના પ્રતિબંધ લગાવવાનો આરોપ છે. ૨૦૦૦ના દશકાથી જ ETIMની જડ અફઘાનિસ્તાનમાં રહી છે. તેમને તાલિબાન તેમજ અલકાયદાનો સપોર્ટ રહ્યો છે.અફઘાનિસ્તાનમાં શાસન સંભાળવાની તૈયારી કરનાર તાલિબાને ફંડ્સને લઈને તેઓ ચીન



પર નિર્ભર હોવાનું જણાવ્યું છે, કેમ કે ચીન તેમના સૌથી વિશ્વાસઆતંકી સંગઠનના કાશ્મીરમાં જેહાદવાળા નિવેદનની પાછળ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI તાલિબાન ચીનને વિશ્વાસ અપાવી ચૂક્યું છે કે તેઓ ઉઈગર મુસ્લિમોનાં કટ્ટરપંથી તત્ત્વને અંકુશમાં રાખશે. અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ ચીન વિરુદ્ધ નહીં કરવામાં આવે. જોકે તાલિબાને ભારત સહિત સમગ્ર દુનિયાને એવો વિશ્વાસ આપવાનો પ્રયાસ કર્યો છે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધના ષડયંત્ર માટે નહીં થાય.તાલિબાન અને ચીનના નજીકના સંબંધો અંગે ખુલાસો કર્યો છે. મુઝાહિદે કહ્યું હતું- અફઘાનિસ્તાનની ઈકોનોમી ઘણી જ ખરાબ હાલતમાં છે. અમારે દેશ ચલાવવા માટે ફંડ્સની જરૂરિયાત છે. હાલ અને શરૂઆતી તબક્કામાં અમે ચીનની મદદથી આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તાલિબાને ૧૫ ઓગસ્ટે કાબુલ પર જીત મેળવી એ સાથે જ આખા દેશ પર કબજો જમાવી લીધો. ૩૧ ઓગસ્ટ સુધીમાં તમામ વિદેશી સૈનિક અફઘાનિસ્તાન છોડીને જતા રહ્યા. એ બાદ અફઘાનિસ્તાનના તમામ ફોરેન ફંડ્સને અમેરિકા અને બીજા પશ્ચિમી દેશોએ ફ્રીઝ કરી દીધાં. ચીન આ તકનો લાભ ઉઠાવતા જોવા મળી રહ્યું છે. એક સવાલના જવાબમાં મુઝાહિદે કહ્યું- ચીન અમારો સૌથી વિશ્વાસપાત્ર સહયોગી છે. તેઓ અમારા માટે બુનિયાદી અને સારી તક લાવી રહ્યા છે. ચીને વાયદો કર્યો છે કે અફઘાનિસ્તાનમાં ઈન્વેસ્ટમેન્ટ કરીને તેઓ તેને ફરીથી ઊભું કરશે. સિલ્ક રૂટથી તેઓ વિશ્વમાં પ્રભાવ વધારવા માગે છે. આ રૂટથી અમે પણ દુનિયા સુધી અમારી પહોંચ બનાવી શકીએ છીએ. અમારા દેશમાં તાંબાની ખાણ છે. ચીન તેને આધુનિક રીતે ફરીથી શરૂ કરશે. અમે દુનિયાને અમારું તાંબુ વેચી શકીશું. તાલિબાનરાજમાં મહિલાઓની સ્થિતિના સવાલ પર જબીઉલ્લાહે કહ્યું- અમે વાયદો કરી ચૂક્યા છીએ કે તેમને પણ શિક્ષણનો હક્ક મળશે. તેઓ નર્સ, પોલીસ કે મંત્રાલયમાં કામ કરી શકશે, પણ તેમને મંત્રી નહીં બનાવવામાં આવે. ચીને જે કહ્યું છે એ મુજબ તે તાલિબાન સાથે મિત્રતા ઈચ્છે છે, જેથી ઝિંઝિયાંગ પ્રાંતમાં આતંકી ગ્રુપ્સની એક્ટિવિટીને રોકી શકે. ચીનના વિદેશમંત્રીની બરાદરથી મીટિંગ દરમિયાન પણ ઉઈગર આતંકીઓનો મુદ્દો ઊઠ્યો હતો. વિદેશમંત્રી વાંગ યીએ તો કહ્યું પણ હતું કે તાબિલાનને ETIM સાથેના તમામ સંબંધો તોડવા પડશે. આ સંગઠન ચીનની રાષ્ટ્રીય સુરક્ષા અને ક્ષેત્રીય અખંડતા વિરુદ્ધ સીધો જ ખતરો છે. આ પશ્ચિમી ચીનમાં ઉઈગર ઈસ્લામિક ચરમપંથી સંગઠન છે. આ સંગઠન ચીનના ઝિઝિયાંગને ઈસ્ટ તુર્કિસ્તાન તરીકે સ્વતંત્ર કરાવવાની માગ કરે છે. ૨૦૦૨થી ETIMને UN સિક્યોરિટી કાઉન્સિલ અલકાયદા સેકશન્સ કમિટીના આતંકી સંગઠન તરીકે લિસ્ટમાં નાખ્યું હતું. જોકે અમેરિકાએ ૨૦૨૦માં આ સંગઠનને આતંકી સંગઠનોની યાદીમાં બહાર કર્યું છે, જેનાથી બંને દેશો વચ્ચેના ટ્રેડવોરે એક અલગ જ વળાંક લીધો હતો.

## ત્રીજી લહેરના ભય સામે અમદાવાદમાં રેપિડ ટેસ્ટના ૧૦ જેટલા કેન્દ્રો બંધ કરાતા પ્રજામાં રોષ

અમદાવાદ,

અમદાવાદમાં કોરોનાના કેસ ૧૦ની અંદર સ્થિર છે. ત્યારે જિલ્લામાં સતત ૧૯મા દિવસે શૂન્ય કેસ રહ્યો ૪છે. આજે શહેરમાં એક નવો કેસ નોંધાયો છે, જ્યારે ૩ દર્દી સાજા થયા છે. ૨૨ ઓગસ્ટે કોરોના કાળની બીજી લહેરમાં શહેરમાં પહેલીવાર માત્ર એક કેસ નોંધાયો હતો. અગાઉ જિલ્લામાં ૧૪ ઓગસ્ટે ૩ કેસ નોંધાયા હતા. સતત ૪૫મા દિવસે શહેરમાં એકેય મોત થયું નથી. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ની સાંજથી ૨ સપ્ટેમ્બરની સાંજ સુધીમાં શહેરમાં ૧ નવો કેસ નોંધાયો છે. જ્યારે શહેરમાં ૩ દર્દી સાજા થયા છે. આ સાથે જ શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૨ લાખ ૩૮ હજાર ૧૧૩ થયો છે. જ્યારે ૨ લાખ ૩૪ હજાર ૬૬૩ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. જ્યારે મૃત્યુઆંક ૩ હજાર ૪૧૧ રહ્યો છે. અદાવાદમાં બીજી લહેર ઘાતક



સાબિત થઈ હતી. લોકોને સારવાર માટે બેડ અને ઓક્સિજન સહિતની સુવિધાઓ મેળવવા લાઈનમાં ઉભા રહેવું પડ્યું હતું. હવે શહેરમાંથી કોરોનાએ વિદાય લીધી છે. ત્યારે વચ્ચે મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાં ઊભા કરેલા કોરોનાના ટેસ્ટ માટેના રેપિડ એન્ટિજન ટેસ્ટના કેન્દ્રો એકાએક બંધ કરી દીધા છે. છેલ્લા ત્રણ દિવસમાં શહેરમાં રેપિડ ટેસ્ટના ૩૫માંથી ૧૦ કેન્દ્રો બંધ કરી દેવામાં આવ્યાં છે. જ્યારે બાકીના ૨૫ કેન્દ્રો પણ આગામી સમયમાં બંધ કરી દેવાશે. શહેરમાં વસ્ત્રાપુર તળાવ, પાલડી ટાગોર હોલ પરના કેન્દ્ર અને પૂર્વ ઝોનના કેન્દ્રો મળી કુલ ૧૦ જેટલા કેન્દ્રો બંધ કરી દેવામાં આવ્યા છે. મ્યુનિ. સૂત્રો એવું જણાવી રહ્યા છે કે, આગામી સપ્તાહ દરમિયાન ૩૫ કેન્દ્રો પૈકી બાકીના ૨૫ કેન્દ્રો પણ બંધ કરી દેવાશે અને મ્યુનિ.ના આઠ ઝોનમાં અર્બન હેલ્થ સેન્ટરમાં ટેસ્ટ માટેની વ્યવસ્થા ચાલુ રાખવામાં આવશે. એટલે કે, એક ઝોનમાં એક કેન્દ્ર ચાલુ રાખવામાં આવશે. આધારભૂત સુત્રોના જણાવ્યા પ્રમાણે રેપિડ એન્ટિજન્સ ટેસ્ટ માટેના કેન્દ્રોમાં રોજ માંડ ૧૦ નાગરિકો જ ટેસ્ટ માટે આવતા હોવાથી તેને બંધ કરવાની ફરજ પડી છે. કોરોનાની સંભવત ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે. કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલ અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે ૨૫૦ અને ૫૦૦ લીટર કેપેસિટી PSA ઑક્સિજન જનરેશન પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આગામી સમયમાં જે જગ્યા પર ઓક્સિજન પ્લાન્ટ છે તેમના મેન્ટેનન્સ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે. ૧૧ કરોડ રૂપિયા આ કામ માટે ફાળવવામાં આવ્યા છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશ બારોટે જણાવ્યુ હતું કોરોના બીજી લહેરમાં સૌથી વધુ ઓક્સિજનની તકલીફ ખૂબ ભોગવી જેને લઈને ઓક્સિજન માટેની તૈયારીઓ કરી છે. જેના માટે અમદાવાદના અલગ અલગ સી એચ સી અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર અને અને હોસ્પિટલ ખાતે ૩૦ જેટલા ઓક્સિજન પ્લાન્ટ ઊભા કરવાં આવશે. હાલમાં તેમના કામને મંજૂરી આપવામાં આવી છે અને આ કામને તાકીદમાં લેવામાં આવશે. હાલમાં સ્ટેન્ડિંગ કમિટીમાં આ કામ તાકીદ પર લેવામાં આવ્યું છે.

## ભારત રશિયાનો એક વિશ્વસનીય ભાગીદાર છે : મોદી

નવી દિલ્હી,

ભારત રશિયાનો એક વિશ્વસનીય ભાગીદાર છે. પીએમ મોદીએ કહ્યુ, ભારતીય ઈતિહાસ અને સભ્યતામાં સંગમનો એક વિશેષ અર્થ છે. આનો અર્થ નદીઓ/લોકો/વિચારોનો સંગમ અથવા એક સાથે આવવુ થાય છે. તેમણે કહ્યુ, મારી નજરમાં વ્લાદિવોસ્તોક વાસ્તવમાં યુરેશિયા અને પ્રશાંતનો સંગમ છે. હુ રશિયા સુદૂર પૂર્વના વિકાસ માટે રાષ્ટ્રપતિ પુતિનના દ્રષ્ટિકોણના વખાણ કરુ છુ. આ વિઝનને સાકાર કરવામાં ભારત રશિયાનો એક વિશ્વસનીય ભાગીદાર હશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દર વર્ષે ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમનું આયોજન કરાવે છે. ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ કાલે એટલે કે બે સપ્ટેમ્બરે રશિયાના વ્લાદિવોસ્તોકમાં શરૂ થયુ હતુ અને આ ૪



સપ્ટેમ્બર સુધી ચાલશે. આ ફોરમનો મુખ્ય ઉદ્દેશ્ય એશિયા પ્રશાંત વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સહયોગનો વિસ્તાર અને આર્થિક વિકાસનુ સમર્થન કરે છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રશિયામાં આયોજિત થઈ રહેલા છઠ્ઠા ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમને સંબોધિત કર્યો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યુ કે મને ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમને સંબોધિત કરતા ખુશી થઈ રહી છે અને આ સન્માન માટે રાષ્ટ્રપતિ પુતિનને ધન્યવાદ આપુ છુ.

## જાપાનના વડાપ્રધાન આપશે રાજીનામુ

જાપાન,

લિબરલ ડેમોક્રેટિક પાર્ટી ૧૭ સપ્ટેમ્બરથી પોતાના અધ્યક્ષની ચૂંટણીનો કાર્યક્રમ શરૂ કરશે અને ૨૯ સપ્ટેમ્બરે વોટ નાખવામાં આવશે. નવો નેતા ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાનાર નીચલા સદનની ચૂંટણીનો મુકાબલો કરશે. જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગા આ મહિનાના અંત સુધી રાજીનામુ આપી દેશે. સુગા સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભાગ નહી લે. યોશિહિદે સુગાએ પાર્ટી લીડર ના બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વડાપ્રધાન સુગાની અપ્રૂવલ રેટિંગ રેકોર્ડ સ્તરે ઘટી ગઈ છે. ક્યોડોના તાજેતરના પોલ અનુસાર, સુગા કેબિનેટની અપ્રૂવલ રેટિંગ સૌથી ઓછી ૩૪ ટકા પર છે. પાર્ટીમાં ચિંતા છે કે જો નીચલા સદનની આગામી ચૂંટણી પહેલા વડાપ્રધાન ના બદલવામાં આવ્યો તો ચૂંટણી જીતવી મુશ્કેલ બની શકે છે. યોશિહિદે સુગા લગભગ એક વર્ષ પહેલા શિંજો આબેના રાજીનામા બાદ વડાપ્રધાન બન્યા હતા. યોશિહિદે સુગા ઘણા સમયથી પોતાની કેબિનેટમાં ફેરબદલ કરવાની યોજના બનાવી રહ્યા હતા જેથી પાર્ટી અને ચૂંટણીમાં નવા ચહેરાને ઉતારી શકાય પરંતુ ૩ સપ્ટેમ્બરે પાર્ટી એક્ઝીક્યૂટીવની મીટિંગમાં સુગાએ પોતાની યોજના બદલી નાખી અને જાહેરાત કરી કે તે પાર્ટી અધ્યક્ષની ચૂંટણીમાં નહી ઉતરે. સુગાનું કહેવુ છે કે તે કોવિડ-૧૯ વિરૂદ્ધ લડાઈમાં ધ્યાન આપવા માંગે છે. સુગાએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યુ, કોવિડ મેનેજમેન્ટ અને ચૂંટણી કેમ્પેઈનમાં ઘણી ઉર્જા લાગે છે. બન્નેને સાથે સંભાળવુ મુશ્કેલ છે.

## ટ્રેનમાં ટિકિટ રદ કર્યા વગર તારીખ બદલી શકાશે નહીં



અમદાવાદ,

રેલવેએ પ્રવાસની તારીખ બદલવાનો નિયમ બંધ કરી દેતાં હવે પેસેન્જરને મુસાફરીની તારીખ બદલવી હોય તો ફરજિયાત કન્ફર્મ ટિકિટ કેન્સલ કરાવવી પડે છે. જેમાં તેના ઓછામાં ઓછા એક ટિકિટના ૧૨૦ રૂપિયા કપાય છે. એકવાર ટિકિટ બુક કર્યા બાદ જો પેસેન્જર જરૂરી કામથી અન્ય સ્ટેશનેથી ટ્રેનમાં બેસવા માગતો હોય તો તે બોર્ડિંગ સ્ટેશન બદલાવી શકે છે. બોર્ડિંગ સ્ટેશન બદલવા માટે પેસેન્જર ટ્રેન ઉપડવાના ઓછામાં ઓછા ૨૪ કલાક પહેલા જ્યાંથી મુસાફરી શરૂ કરવાની છે તે સ્ટેશનના સ્ટેશન મેનેજરને અથવા કમ્પ્યુટરાઈજ રિઝર્વેશન કેન્દ્રના ઈન્ચાર્જને એક અરજી આપી આ સુવિધાનો લાભ મેળવી શકે છે. આ સુવિધાનો લાભ ઓનલાઈન-ઓફલાઈન બંને ટિકિટ પર મળે છે. ટ્રેનોમાં ટિકિટ રિઝર્વ કરાવવા માટે પેસેન્જરે ૧૨૦ દિવસ (૪ માસ) પહેલાં એડવાન્સ બુકિંગ કરાવવાનું હોય છે. પરંતુ ઘણીવાર ચાર માસ દરમિયાન પેસેન્જરોના પ્લાન ફરી જાય, મુસાફરી કેન્સલ કરવામાં આવે કે મુસાફરીની તારીખ બદલવામાં આવે એવા સંજોગોમાં અત્યાર સુધી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર પર જઈ પોતાના પ્રવાસની તારીખ બદલાવી શકતો હતો.

## GST કાયદામાં સુધારો કરતા રદ થયેલા કરદાતાઓ ફરી GST નંબર ચાલુ કરાવી શકશે

અમદાવાદ,

કરદાતા વેપાર ધંધા ફરી વાર શરૂ કરવા માટે જીએસટી કાયદામાં સુધારો કરીને ૨૦ માર્ચ ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૧ સુધીમાં જે કરદાતાઓના નંબર રદ થયા હોય તેઓ ઓનલાઈન જઈને પોતાનો નંબર ચાલુ કરવા માટે અરજી કરી શકશે. અરજી બાદ જયુડિશિયલ તપાસ કરીને તેમની પાસેથી બાકી રહેતા ટેક્સને વ્યાજ સાથે ભરવાની બાંયધરી લઈને ચાલુ કરી આપશે. અંદાજ મુજબ માત્ર અમદાવાદમાં ૪૨ હજાર રજિસ્ટ્રેશન રદ કરી દેવાયા હતા. જે આ સુધારો થતા પોતાનો નંબર શરૂ કરવા માટે અરજી કરી શકશે. આમ આવા કોઈ કરદાતાના નંબર રદ થયો હોય તો તેઓએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ પહેલા અરજી કરી દેવાની રહેશે. આમ સરકારે ઈઝ ઓફ ડુઈંગમાં રદ થયેલા નંબર ચાલુ કરવા માટે ૧૮૦ દિવસની છૂટ આપીને કોવિડ સમયમાં થયેલા નુકસાન ભરપાઈ



કરવા માટે એક તક આપી છે. તાજેતરમાં જીએસટી વિભાગે ૬ રિટર્ન નહીં ભરનારા કરદાતાના નંબર રદ કર્યા હતા. કોરોનાની સ્થિતિને કારણે આ કરદાતા નંબર ફરી ચાલુ કરાવવા અરજી કરી શક્યા ન હતા. કરદાતાઓને મુશ્કેલી ન પડે તે માટે છેલ્લા ૧૮૦ દિવસમાં બંધ થઈ ગયેલા નંબર ફરી ચાલુ કરવા વ્યવસ્થા ગોઠવાઈ છે. શહેરમાં ૪૨ હજાર કરદાતાના નંબર રદ થઈ ગયા હતા. કોરોનાને કારણે ૨૦ માર્ચ ૨૦૨૦ બાદ ઘણા કરદાતા રિટર્ન ફાઈલ કરી શક્યા નહોતા અને તેમના નંબર રદ થઈ ગયા હતા. જેની સામે કરદાતાઓ અરજી પણ ન કરી શકતા વેપાર ધંધાને નુકસાન પહોંચ્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વડાતલાવ આદિવાસી સે.સ.મં.લી.
મુ. ઢીંકવા-૧,
તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વડાતલાવ આદિવાસી સે.સ.મં.લી.
મુ. ઢીંકવા-૨,
તા. હાલોલ

"પી.એમ.જે.એ.વાય-મા" યોજના

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૨માં કેન્સર, હૃદયરોગ, કિડની જેવા ગંભીર રોગો માટે ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને તમામ આરોગ્ય સેવાઓ વિનામૂલ્યે મળી રહે તે માટે "મા" યોજનાની શરૂઆત કરી હતી. જેનો આજે
માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા
માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની નેતૃત્વવાળી સરકાર દ્વારા
સફળતાપૂર્વક "મા" યોજનાનો ૧૦માં વર્ષ માં પ્રવેશ થયેલ છે.

અત્યાર સુધી ગુજરાત રાજ્યમાં "પી.એમ.જે.એ.વાય - મા" યોજના અંતર્ગત ૩૫ લાખથી વધુ દર્દીઓએ લાભ લીધેલ છે. જેની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર - ભારત સરકારે ઉપાડેલ છે અને આ રીતે ૩૫ લાખ દર્દીઓ માટે રૂ. ૫૨૨૨ કરોડની માતબર રકમનો ખર્ચ કરી ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને આશીર્વાદરૂપ આ યોજનાનો લાભ મળેલ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અત્યાર સુધી લગભગ ૪ કરોડ નાગરિકોને ૧૮૭૨ સરકારી અને ૬૦૬ ખાનગી એમ મળી કુલ ૨૪૭૮ હોસ્પિટલોમાં કેન્સર, હૃદયરોગ, કિડની જેવા ગંભીર રોગો તથા ઓર્થોપેડિક સર્જરી, જોઈન્ટ રિપ્લેસમેન્ટ, ન્યુરોસર્જરી, ડાયાલિસિસ વગેરે જેવી અનેક પ્રકારની સારવાર વિનામૂલ્યે કરવામાં આવી રહેલ છે. આ યોજનામાં વધુમાં વધુ હોસ્પિટલ જોડાય અને દર્દીઓને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે માટે આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સતત કાર્યરત છે.

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે માનવતાવાળી અને લાખો દર્દીઓના જીવન બચાવવામાં ઉપયોગી એવી આશીર્વાદરૂપ યોજના સમગ્ર દેશમાં અમલમાં મુકેલ છે તે બદલ તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદન સહ આભાર.


નાગરિકોને પોતાના સ્વાસ્થ્યના રક્ષણ માટે રૂ.પાંચ લાખ સુધીના ખર્ચની વિનામૂલ્યે સારવાર મેળવવા માટે "પી.એમ.જે.એ.વાય.- મા" કાર્ડ કઢાવી, જરૂર પડે ઉપયોગ કરે તથા પોતાના કિંમતી જીવનનું રક્ષણ કરે એવી આશા રાખું છું.

શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા પાનમ નદી માંથી ગેરકાયદેસર રીતે બોટ દ્વારા રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓ છતાં વહિવટી તંત્ર અને ખાણ-ખનિજ વિભાગને કાર્યવાહી કરવામાં ખચકાટ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

લુણાવાડા પાનમ નદી માંથી છેલ્લા કેટલાક મહિનાઓથી ખનિજ માફિયાઓ દ્વારા પાનમ નદીમાં બોટ દ્વારા રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. ખાણ-ખનિજ વિભાગ દ્વારા આવા રેતી ખનન કરતા તત્વો સામે કાર્યવાહી કરવામાં ખચકાટ અનુભવી રહ્યા હોય તેમ જણાતા આ બાબતે ગાંધીનગર વિજીલન્સને રજુઆત કરવા આવનાર છે.

લુણાવાડાના પાનમ પુલ પાસે પાનમ નદીમાં વિપુલ માત્રામાં રેતી આવેલ છે. આ રેતીને કાઢવા માટે ખનિજ માફિયાઓ આધુનિક ટેકનીકનો ઉપયોગ શરૂ કર્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ખનિજ માફિયાઓ દ્વારા ડીઝલ બોટ પાનમ નદીમાં ઉતારીને પાણી માંથી રેતી ઉલેચવાનો ધંધો કરી રહ્યા છે. હાલ ચોમાસાની સીજનમાં અપુરતા વરસાદને લઈ પાણીની સમસ્યા સર્જાવાની શકયતાઓ નકારી શકાય તેમ નથી. જમીનોમાં પણ પાણીના સ્તર ઉંડે જવાની શકયતાઓ છે. તેવા સમયે સ્થિતી ઉદ્દભવી શકે છે. પાનમ નદી માંથી ગેરકાયદેસર રીતે બોટ દ્વારા ખનિજ માફિયાઓ રેતી ખનન કરી રહ્યા છે. તેમ છતાં સ્થાનિક વહીવટી તંત્ર ખાણ-ખનિજ વિભાગને આવા ગેરકાયદેસર રેતી ખનનને રોકવામાં રસ લાગતો નથી. ખાણ-ખનિજ વિભાગ પાનમ નદીમાં બોટ દ્વારા રેતી ખનનની કામગીરી થાય છે. તેનાથી અજાણ હોય તેમ લાગતું નથી. તેમ છતાં ખાણ-ખનિજ વિભાગ આવા ગેરકાયદેસરના રેતી ખનનને રોકવામાં કયા કારણોસર ખચકાટ અનુભવે છે. તેવા લોકોમાં પ્રશ્ન ઉઠી રહ્યા છે. આવનાર દિવસોમાં સ્થાનિક તંત્ર આવા રેતી ખનનને રોકવામાં નિષ્ફળ રહે તો ગાંધીનગર વિજીલન્સને રજુઆત કરવાની જાગૃત નાગરિકો તૈયારી કરી રહ્યા છે.

## લુણાવાડા ખાતે જિલ્લાના તબીબો માટે યોજાયેલ તાલીમી કાર્યશાળા




લુણાવાડા,

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. આ વૈશ્વિક મહામારીની સામે લડવા રાજય સરકાર દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેના કારણે આજે કોરોના સંક્રમણને વધુ ફેલાતો અટકાવવામાં સફળતા સાંપડી છે અને આજે હવે ગુજરાતમાં કોરોનાના કેસોનો સાજા થવાનો દર ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. ત્યારે રાજય સરકાર દ્વારા કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે લડવા માટે પૂર્વ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

આ પૂર્વ તૈયારીઓના ભાગરૂપે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે જિલ્લા પંચાયતના હોલમાં જિલ્લાના તબીબો માટે જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીની વિશેષ ઉપસ્થિતિમાં તાલીમી કાર્યશાળા યોજવામાં આવી હતી. આ તાલીમ કાર્યશાળામાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પ્રાધ્યાપક અને મેડીસીન વિભાગના વડા તેમજ ગુજરાત સરકારના કોવિડ વિષયક ખાસ ફરજ પરના અધિકારી ડૉ. કમલેશ ઉપાધ્યાયે વિશેષ ઉપસ્થિત રહીને વૈશ્વિક મહામારી કોરોના વિશે વિગતવાર જાણકારી આપી હતી.

ડૉ. કમલેશ ઉપાધ્યાયે તાલીમી શિબિરમાં ઉપસ્થિત તબીબોને સંભવિત ત્રીજી લહેર દરમિયાન કેવા પગલાં ભરવા કે જેથી જાનહાનિ ન થાય તેમજ કોરોનાના દર્દીઓ ઝડપથી કેવી રીતે રીકવરી મેળવી શકે તે માટે ઓકિસજન, મેડીસીન સહિતના મુદ્દાઓ અંગે વિગતવાર છણાવટ કરી જરૂરી અગત્યની માહિતી આપી હતી.

આ કાર્યશાળા દરમિયાન ડૉ. કમલેશ ઉપાધ્યાયે જિલલાના કોરોના વોરિયર્સ, આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ સરકારી અને ખાનગી તબીબો સાથે કોવિડની સંભવિત ત્રીજી લહેરની સામે મકકમતાથી લડવા માટેનો સજજતા સંવાદ કર્યો હતો.

ડૉ. કમલેશ ઉપાધ્યાયે કોવિડ મહામારીના સમયમાં તેની સામે લડવા માટે વેકસિન મુકાવવી અને સર્વોચ્ચ નાગરિક ધર્મ હોઈ ઉપસ્થિત તમામ તબીબોને જયાં ઓછું વેકસિનેશન થયું હોય ત્યાં લોકોને જાગૃત કરવા અને વધુમાં વધુ પ્રમાણમાં નાગરિકોને વેકસિનેશન કરાવી લેવા પર ભાર મૂકયો હતો.

આ કાર્યશાળાનો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. શાહ, આઈએમએ પ્રમુખ, અગ્રણી તબીબો સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ આયુષ સહિતના સરકારી તેમજ ખાનગી તબીબોએ હાજર રહીને લાભ લીધો હતો.

## મહીસાગર જિલ્લામાં શુક્રવારે ૧ પોઝિટિવ કેસ નોંધાયો

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડૉ. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૩-૦૯-૨૦૨૧ના સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૯૩ કેસ પોઝીટીવ નોધાયા છે. જિલ્લા માં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૩૪૮૮૭૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવ આવેલ બંને દર્દી હાલ હોમ આઈસોલેશનમાં છે અને તેઓની તબિયત સ્ટેથબલ છે.

લુણાવાડાના ભલાડા ગામ ખાતે બે રહેણાંક મકાનમાં આગ લાગતા અફરા તફરીનો માહોલ સર્જાવા સાથે ઘરવખરી ને નુકશાન થતા બે પરિવારો ભારે ચિંતિત થયા હતા. જ્યારે ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક અને તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા અજયભાઈ દરજીના હસ્તે જેસીંગભાઈ પગી અને ડાયાભાઈ પગીને ઘરવખરીને નુકશાન થવાના લઈને ૮૫ હજાર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

રૂપિયાની સહાયનો ચેક આપવામાં આવ્યો હતો.

## ઘોઘંબાથી ગોધરા સુધીની વહેલી સવારે ST બસ શરૂ કરવા મુસાફરોની માંગ

ઘોઘંબા,

ઘોઘંબાથી સવારે ૬ કલાકે ગોધરા જવા માટે કોઈ જ બસની સુવિધા નથી જેથી ઘોઘંબા વિસ્તારની પ્રજાને ગોધરા જવા માટે ઘણી જ મુશ્કેલીઓ પડે છે. સવારે ગોધરા જવા માટે વેપારીઓ, કર્મચારીગણ, વિદ્યાર્થીઓ વગેરેને ઘણી જ તકલીફ વેઠવી પડી રહી છે. પહેલા ઘોઘંબાથી ગોધરા જવા માટે ૬.૧૫ કલાકની કદવાલ-ગોધરા વાયા ઘોઘંબા બસ હતી. પરંતુ સદર વહીવટકર્તાઓએ ઘણા સમયથી બંધ કરી દીધેલ છે. જેથી કદવાલ-અમદાવાદ ૭.૧૦ કલાકની બસની રાહ જોઈને બેસી રહેવુ પડે છે. જેથી કોલેજીયન અને વિદ્યાર્થીઓ લેટ થઈ જાય છે. અને કદવાલ-અમદાવાદની બસ રસ્તામાંથી પહોંચી ફરી સર્વિસ જતા ભરાઈ જાય છે. જેથી આગળથી મુસાફરો લઈ શકાતા નથી. તેમજ સાંજે ગોધરાથી ૫.૪૫ કલાક પછી અમદાવાદ-કદવાલ બસ પછી ગોધરાથી ઘોઘંબા આવવા માટે કોઈ જ બસની સુવિધા નથી. જેથી મુસાફરોને સ્પેશિયલ ખાનગી સાધન કરીને પછી હાલોલ ફરીને આવવુ પડે છે.

ઘોઘંબા આવ્યા પછી ગામડાની પ્રજાને ગામડામાં જવાની ઘણી જ તકલીફ પડે છે. લાગતા વળગતા અધિકારીઓ આ અંગે તપાસ કરી ઘોઘંબાથી ગોધરા જવા માટે ૬ કલાકની નવીન બસ શરૂ કરી આપે તેવી પ્રજાની માંગણી છે. જેથી ઘોઘંબાના ડે.સરપંચે ગોધરા ડીસીને લેખિત જાણ કરી છે. આ અંગે ગ્રામજનોના જણાવ્યાનુસાર સવારે ૬.૦૦ વાગ્યાની આસપાસ કોઈ નવી બસ શરૂ કરવા માંગ કરાઈ છે.

## ઘોઘંબામાં બાઈક ચોરી કરી ભાગવા જતા ચોર રસ્તો ભુલતા બાઈક છોડી નાશી છુટીયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબામાં બાઈક ચોરીને ભાગી જતા ચોરો રસ્તો ભૂલ્યા બાઈક ફેંકી ફરાર થઈ ગયા. ઘોઘંબામાં બાઈક ચોરોનો ત્રાસ વધી જવા પામ્યું છે. ત્યારે ગત રાત્રીના સમયે બાઈક હાઈસ્કુલ વિસ્તાર તેમજ તેની આજુબાજુની સોસાયટીમાંથી ચાર બાઈકોની ઉઠાંતરી કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો કે, પોલીસ પોઈન્ટ હોવાથી ખેતરાળુ માર્ગે ભાગવાનો પ્રયાસ કરતાં રસ્તો ભૂલી જતા બાઈકને ખેતરમાં ફેંકી ફરાર થઈ ગયા હતા. જેની જાણ પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

## સંતરામપુરના ગામડી ગામે માતાએ પુત્રીને પાણીની ટાંકીમાં નાંખી જાતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગામડી ગામે ગીતાબેનના લગ્ન એસ.ટી.વિભાગમાં કંડકટર તરીકે ફરજ બજાવતા પ્રફુલભાઈ જોડે થયા હતા. ગીતાબેનને સંતાનમાં બે છોકરીઓ હોવાથી તેના પતિ દ્વારા વારંવાર તારે છોકરો નથી તેમ કહીને બોલાચાલી કરી ઝઘડો કરી માનસિક ત્રાસ આપતો હતો. અને બીજી પત્નિ ઘરમાં લાવવાનુ જણાવતો હતો. જેના કારણે ગીતાબેને પતિના ત્રાસથી કંટાળીને પોતાની એક દિકરીને ઘરઆંગણે પાણીની ટાંકીમાં નાંખી દઈ અને પોતે ઘરના રૂમના પંખા સાથે સાડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવ્યુ હતુ. આ બાબતે ગીતાબેનના પરિવારના જીતેન્દ્રભાઈ અર્જુનભાઈ બારીયાએ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવતા સંતરામપુર પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ખાનપુરના પાદેડીના માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલ પુત્રના અંગોનુ દાન કરતુ પરિવાર

લુણાવાડા,

ખાનપુર તાલુકાના પાદેડીના વતની અને સુરત રહેતા મીત કલ્પેશાઈ પંડ્યાનુ અકસ્માતમાં મોત થતાં તેમના પરિવારજનોએ તેમના અંગો ડોનેટ કરવાનો નિર્ણય લઈ પાંચ અંગો ડોનેટ કરીને પાંચ વ્યકિતઓને નવો અવતાર આપવાનુ કામ કર્યુ છે.

મીત કલ્પેશભાઈ પંડ્યાને સુરતમાં વેસુ કેનાલ પાસે નડેલા અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને તેમને બ્રેન ડેડ જાહેર કરાયા હતા. પંડ્યા પરિવારે મીતના અંગો ડોનેટ કરવા નિર્ણય કરી સુરતમાં અંગદાન માટે કામ કરતી ડોનેટ લાઈફ સંસ્થાનો સંપર્ક કરીને તેમના માધ્યમથી મીત પંડ્યાની કિડની, લિવર, હૃદય, ફેફસા અને ચક્ષુઓનુ સમયસર અમદાવાદ અને હૈદરાબાદ પહોંચાડવા સૌપ્રથમ વખત ચાર ગ્રીન કોરિડોર બનાવાયા હતા. અને તેના અંગો ટ્રાન્સપ્લાન્ટ કરીને પાંચ માણસોની જીંદગી બચાવી હતી.

## ક્રિમીનલ-લોમાં ગોલ્ડ મેડલ મેળવતી ગોધરાની હની જાની

ગોધરા,

ગોધરા શહેરની હની નિકુંજ જાની એ એમ.એસ.યુનિવર્સિટી વડોદરા ખાતે લો-કોલેજમાંથી વર્ષ-૨૦૨૦/૨૧ દરમિયાન એલ.એલ.એમ. (ક્રિમિનલ લો)ની ઉચ્ચ પદવી હાંસલ કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેર તેમજ બ્રહ્મ સમાજનુ વધાર્યુ છે. એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાં યોજાયેલા પદવીદાન સમારંભમાં વડોદરાના રાજમાતા શુભાગીની દેવી ગાયકવાડ તેમજ રાજસ્થાનના ડિરેકટર પ્રોફેસર સુધીરભાઈ બરાઈના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. કાયદાની વિદ્યાશાખામાંથી માત્ર હની જાની એ જ ગોલ્ડ મેડલ મેળવતા ઉચ્ચ શિખર સર કર્યુ છે. એકમાત્ર વિદ્યાર્થીની તરીકે હની જાની એ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. હનીએ આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેર તેમજ કુટુંબ અને સમાજનુ નામ ગૌરવાંતિત કર્યુ છે. હની જાની એ આ સિદ્ધિ મેળવવા બદલ બ્રહ્મ સમાજના આગેવાનો તેમજ ગોધરા પંચમહાલના શિક્ષણવિદો તથા અગ્રણિઓ એ અંતઃકરણ પુર્વક શુભેચ્છાઓ પાઠવી છે. ત્યારે હની જાની ગોધરા સ્થિત અમન ડે સ્કુમાં ડિરેકટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

**પંચમહાલ જીલ્લા સહિત કાલોલ તાલુકામાં ભાજપ દ્વારા નવા હોદ્દેદારો નિમવામાં આવ્યા છે. કાલોલ તાલુકા ભાજપની નવી ટીમમાં યુવાનોને સ્થાન આપવામાં આવ્યું છે. આ નવી ટીમમાં પત્રકાર જયવીરસિંહ સોલંકીને આઈ.ટી. ઈન્ચાર્જ**



**તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. જેને લઈ સ્થાનિક ભાજપના અગ્રણીઓ દ્વારા અભિનંદન આપવામાં આવ્યા.**

## ઘોઘંબા તાલુકાની નાલંદા સ્કૂલમાં ધોરણ ૬ થી ૮ ના બાળકો નું શિક્ષણ કાર્ય શરૂ : બાળકોને આવકાર્યા



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાની નાલંદા સ્કૂલ કોરોના મહામારીના કારણે ઘણાં સમય થી શાળાઓ બંધ હતી. શિક્ષણ શેરીમાં તેમજ ઓનલાઈન અપાતું હતું. ત્યારે હાલ સરકારના પરિપત્ર અનુસાર ૫૦ ટકા બાળકો સાથે શાળાઓ શરૂ કરતાં નાલંદા સ્કૂલમાં કોરોના ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરીને થર્મલગન થી બાળકોનું તાપમાન માપી, તેઓના હાથ ધોવડાવી, વાલીના સંમતિ પત્ર મેળવી બાળકોને આવકાર આપ્યો નાલંદા શાળામાં નવતર પ્રયોગ કરી બાળદેવોનું કુમ કુમ તિલક, ચોકલેટ, માસ્ક આપી સ્વાગત કરવામાં આવ્યું. સાથે ધોરણ ૬ થી ૮ ના શિક્ષક મિત્રો દ્વારા તથા આચાર્યા નેહલબહેન જોષી દ્વારા તમામ બાળકોને વાંચન, લેખન, ગણન માટે એક પુસ્તિકા અર્પણ કરવામાં આવી. હવે ફરી શાળાઓ બાળકોના કલરવ થી ગુંજી ઉઠશે. બાળકો પણ શાળા ખુલવાથી ખુબજ ખુશ હતા. જ્યારે શિક્ષક મિત્રોએ પણ લાંબા સમય બાદ શાળાઓ પુનઃ શરૂ થતા આનંદની લાગણી વ્યક્ત કરી.

## રાણાવાવમાં દોઢ વર્ષ બાદ ધોરણ ૬ થી ૯ ના વર્ગો શરૂ કરાયા

# શાળા સંચાલકો તેમજ શિક્ષકોએ કોરોનાની ગાઈડ લાઈનનું પાલન સાથે બાળકોને કુમકુમ તિલક તેમજ પુષ્પવર્ષા સાથે આવકાર્યા

દાહોદ,

ભારતમાં પણ ૨૨ માર્ચે જનતા કરફયુ આવાહ્નન સાથે લોકડાઉનની શરૂઆત થઈ હતી. જે બાદ શાળાઓને ખંભાતી તાળાં લાગી ગયા હતા. સમગ્ર દેશ કેટલાક મહીનાઓ માટે ઘરમાં કેદ થઈ ગયો હતો. જે બાદ શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓનું ભાવિ ન બગડે તે માટે ઓનલાઈન શાળાઓ શરૂ કરવામાં આવી હતી. આ મહામારીની પહેલી લહેર ધીમે ધીમે પરિસ્થિતિ સામાન્ય થતા રાજ્ય સરકાર તેમજ શાળા સંચાલકોએ પૂનઃ શાળાઓ ખોલવા માટે કમર કસી હતી. જોકે, આ વર્ષે કોરોનાની ખૂબ જ ઘાતક અને જીવલેણ ગણાતી બીજી લહેરે ભારતમાં ખૂબ જ તારાજી સર્જી હતી. કોરોના મહામારી બીજી લહેરમાં મોટા પ્રમાણમાં લોકોના મૃત્યુ થતાં શાળાઓ શરૂ થવાના સપના પૂનઃ રોલાઈ ગયા હતા. જોકે ભારતભરમાં શરૂઆતમાં ધીમી ગતિએ વેક્સિનેશન શરૂ થયા બાદ કોરોના કાળમાં લોકોના મૃત્યુનો આંકડો બહાર આવતા વેકેશનમાં રેકોર્ડ બ્રેક ઉછાળો આવ્યો હતો. જુના પ્રથમ સપ્તાહથી બીજી લહેર શાંત પડતા સરકાર તેમજ શાળા સંચાલકોને શાળાઓ શરૂ કરવા જોતરાયા હતા. જોકે ભારતમાં ત્રીજી રહેલી આશંકા વચ્ચે ગુજરાત સરકાર દ્વારા SOP ના પાલન સાથે પ્રથમ ૯ થી ૧૨ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. જોકે ગુજરાત સહિત દેશભરમાં કોરોનાનું શહેર શાંત પડતા સરકારના આદેશ પ્રમાણે આજથી ધોરણ ૬ થી ૯ ના વર્ગો શરૂ થતા દાહોદની શાળાઓમાં પણ આજથી ધોરણ ૬ થી ૯ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. દોઢ વર્ષ બાદ શાળાઓ શરૂ થતા શાળા સંચાલકો તેમજ શિક્ષકોએ શાળાએ આવતા બાળકોનું કુમકુમ તિલક કરી પુષ્પ વર્ષા તેમજ તાળીઓના ગણગણાટ વચ્ચે વચ્ચે આવકાર્યા હતા. જો કે ત્રીજી લહેરની આશંકાને લઈ શાળા ખુલવાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી. જ્યારે આવનારા સમયમાં ધોરણ એક થી સોનલ વર્ગો પણ શરૂ થવાની તૈયારીઓમાં સરકાર જોતરાઈ ગઈ છે.

## દાહોદ જીલ્લામાં મોબાઈલ ડીઝલ ડીસ્પેન્સની સેવા શરૂ કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લામાં પ્રથમવાર મોબાઈલ ડીઝલ ડીસપેન્સરની સેવા શરૂ કરવામાં આવી. જ્યારે દાહોદ સ્માર્ટ સિટી બન્યો છે. તેમાંના હજી એક આધુનિક સુવિધાઓની પહેલ દેખવા મળી છે. જેમાં જસવંતસિંહ હાંડાના પ્રયત્નો અને પ્રયાસો બાદ ડોર ટુ ડોર ડીઝલ સેવા પૂરી પાડવામાં આવશે. દાહોદ જિલ્લા સ્માર્ટ સીટી બનવામાં જેમ કામોની સ્પીડ વધી છે. તેમ તેમ દાહોદ સ્માર્ટ સિટીમાં આવ્યા બાદ એક અલગ જ રૂપ દેખવા મળી રહ્યો છે. તેને જોતા દાદી સ્માર્ટ સિટીમાં ડોર ટુ ડોર મોબાઈલ ડીઝલ dispensar ની સુવિધા પૂરી પાડવા માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને જશવંતસિંહ હાડા અથાક પ્રયાસો પછી આજરોજ આ મોબાઈલ ડીઝલ dispensar ની સેવા શરૂ કરવામાં આવી. જેમાં પીપલકોટા મંદિરના મોટા મહારાજ દ્વારા પૂજા અર્ચના કરી મોબાઈલ વેનને કાર્યરત કરવામાં આવી. જેમાં જગ્યા પર ડીઝલ પહોંચાડવાના ધ્યેય થી આ સેવા પૂરી પાડવામાં આવશે, એક ફોન માત્રને ડીઝલ ગાડી તમારા ઘર આંગણે જેવા લક્ષ્યને લઈ આ સેવા પૂરી પાડવામાં આવશે, સ્માર્ટ કે ધ્યાનમાં રાખતા મોટી ગાડીઓ જેવીકે બોરિંગના વાહન, ક્વોરીના વાહન, મોટી ગાડીઓ શહેરના પ્રવેશતા બહાર જ એક ફોન પર ડીઝલની સેવા પૂરી પાડવામાં આવશે.

## દાહોદ જિલ્લાની પ્રા.શાળાઓમાં સ્વચ્છતાં પખવાડિયાની ઉજવણી

સુખસર,

દાહોદ જિલ્લા સહિત રાજય તમામ પ્રા.શાળાઓમાં ૧ સપ્ટે.થી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવા માટે શિક્ષણ નિયામક દ્વારા પરીપત્ર જાહેર કરાયો હતો. કોરોના બાબતે સાવચેતી બાબતના મુખ્ય મુદ્દાઓ માટે ભાર મુકાશે. ૧૫ દિવસ સુધી શાળાઓમાં સ્વચ્છતાંના કાર્યક્રમો યોજાશે તેમજ વિવિધ સ્પર્ધા યોજાશે.

રાજયની તમામ પ્રા.શાળાઓમાં ૧ સપ્ટે.થી ૧૫ સપ્ટે.સુધી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવા માટે સુચના આપવામાં આવી છે. કોવિડ-૧૯ની ગાઈડલાઈનના આધારે શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. જેમાં સ્વચ્છતાં અને જાળવણી આ બાબતની માહિતી આપવામાં આવશે તેમજ પગાર કેન્દ્ર તાલુકા કક્ષા અને જિલ્લાકક્ષા રાજયકક્ષા સુધીના શ્રેષ્ઠ સ્વચ્છતાં બાબતની શાળાઓને ઈનામ વિતરણ કરશે. પખવાડિયા દરમિયાન જાગૃતિ દિવસ, સમુદાય જાગૃતિ દિવસ, ગ્રીન શાળા દિવસ, સહભાગીતા દિવસ, હેન્ડ વોશ દિવસ, કાર્ય દિવસ, અને ઈનામ વિતરણ દિવસ જેવા કાર્યક્રમો યોજાશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકામાં છેલ્લા પાંચ વર્ષથી

# શૌચાલયના નામે તંત્રના સહયોગથી ચાલતું કરોડોનું કૌભાંડ.!!

- તાલુકામાં મિશન મંગલમ જૂથો તથા સખી મંડળના નામે શૌચાલયોની કરવામાં આવેલ કામગીરીની નિષ્પક્ષ તપાસ કરવા માંગ.
- ફતેપુરા તાલુકામાં શૌચાલયના બાંધકામ કરનાર વ્યક્તિગત શૌચાલયના લાભાર્થીઓને એક વર્ષથી ધરમધક્કા : સખી મંડળ તથા મિશન મંગલમ જૂથના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર.??
- સરકાર દ્વારા ફતેપુરા તાલુકામાં સાર્વજનિક શૌચાલય બાંધકામ પાછળ ખર્ચ કરવામાં આવેલ કરોડો રૂપિયા વ્યર્થ.
- તાલુકામાં વિવિધ વિકાસ કામો પાછળ ફળવાતા નાણાનો દુરૂપયોગ : સરકારના શાસનને સ્થિર રાખવામાં આડખીલી રૂપ વહીવટી તંત્રોની કાર્યરીતિ સુધારવા માંગ.





ફતેપુરા,

ફતેપુરા તાલુકાને તાલુકાનો દરજ્જો મળ્યા બાદ તાલુકાની પ્રજામાં હવે વિકાસ થશેની આશામાં ખુશીની લહેર જોવા મળતી હતી.પરંતુ તાલુકા કક્ષાનો દરજજો મળ્યા બાદ એક દાયકા ઉપરાંતનો સમય વીતી ચૂક્યો હોવા છતાં વિકાસ તો ઠીક પરંતુ સરકાર દ્વારા પ્રજાના ભૌગોલિક વિકાસના નામે ફળવાતા કરોડો રૂપિયાનો દુરૂપયોગ કરવામાં આવતો હોવાની તાલુકાની પ્રજામાં ચર્ચાઓ ઉઠવા પામેલ છે. ત્યારે ફતેપુરા તાલુકામાં સરકારના શાસનને સ્થિર રાખવામાં આડખીલી રૂપ બનતા વહીવટી તંત્રોની કાર્યરીતે સુધારવા સરકાર દ્વારા દયાન આપવામાં આવે તે ખૂબ જ જરૂરી જણાય છે. તાલુકામાં અન્ય વિકાસ કામો તો ઠીક પરંતુ શૌચાલયની કામગીરીમાં ફળવાતા કરોડો રૂપિયાનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચા તાલુકામાં ટોક ઓફ ધી ટાઉન બનવા પામેલ છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકામાં વર્ષ ૨૦૧૬-૧૭ થી સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં વ્યક્તિગત તથા સામુહિક શૌચાલયની કામગીરીની શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે રૂપિયા ૧૨,૦૦૦/- શૌચાલય દીઠ સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. સામુહિક શૌચાલયમાં ૫ શૌચાલયનું બાંધકામ કરવાનું હોય છે.અને તેના માટે શૌચાલયની સંપૂર્ણ કામગીરી થયા બાદ રૂપિયા ૬૦,૦૦૦/-હજાર શૌચાલય બાંધકામ કામગીરી કરનાર મંડળ કે ગ્રામ પંચાયતને ફાળવવામાં આવે છે. જેમાં સરકારનો ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતાં એક-એક પરિવારને શૌચાલયનો લાભ આપવા ઠરાવેલ છે. જેમાં મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલયોનું બાંધકામ થયેલ નથી અને જે જગ્યાએ આ શૌચાલયોની કામગીરી કરવામાં આવેલ છે. જેમાંથી મોટાભાગના શૌચાલયોમાં શૌચાલયના ડટ વિના બિન કાર્યરત છે. તાલુકામાં એવા પરિવારો છે કે જે લોકોના નામે શૌચાલય સરકારી ચોપડે નોંધાયેલ હોય પરંતુ સ્થળ ઉપર કોઈ કામગીરી જોવા મળતી નથી. જ્યારે તાલુકાના દરેક ગામડાઓમાં સામુહિક શૌચાલય પણ બનાવવામાં આવેલ છે અને તેના પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે, પરંતુ એક વર્ષ અગાઉ બનાવવામાં આવેલ ૯૦ ટકા ઉપરાંતના આ સામુહિક શૌચાલયો બિન કાર્યરત જોવા મળે છે. તેમજ અનેક સામુહિક શૌચાલયો ખંડેર હાલતમાં થઈ ચૂકયા છે. જોકે વહીવટી તંત્રોને આ બાબત કલ્પના કે આક્ષેપ લાગે તો સ્થળ તપાસ કરી ગ્રામ્ય વિસ્તારના વ્યક્તિગત તથા સામુહિક શૌચાલયોની સાચી હકીકત જાણવી પણ જરૂરી છે.

### તાલુકામાં બનાવેલ શૌચાલય અને તેનો ખર્ચ....

ફતેપુરા તાલુકામાં ૩૩ જેટલા અલગ-અલગ શૌચાલય અને મિશન મંગલમ જુથ તથા સખી મંડળના નામે ૧૬૬૫ શૌચાલયો બનાવામાં આવ્યા છે. હાલ તેની પાછળ રૂપીયા ૧,૯૯,૮૦,૦૦૦ ફાળવવામાં આવ્યા છે. તેવું હાલ સરકારી રેકોર્ડ પર બતાવવામાં આવ્યું છે.

અહીંયાએ પણ જણાવવું જરૂરી છે કે, હાલ ૩૩ જેટલા અલગ-અલગ મિશન મંગલમ જૂથ તથા સખી મંડળોના નામે ૧૬૬૫ શૌચાલયો બનાવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે અને આ શૌચાલયના બાંધકામ પાછળ રૂપિયા ૧,૯૯,૮૦,૦૦૦૦/- ફાળવવામાં આવ્યા હોવાનું સરકારી દફતરમાં નોંધાયેલ છે. પરંતુ આ ફાળવવામાં આવેલ નાણા દ્વારા શૌચાલયની કામગીરી હોવી જોઈએ તેમાં મોટાભાગના શૌચાલયોમાં અધૂરપ જોવા મળે છે અને કેટલીક જગ્યાએ જે-તે લાભાર્થીને લાભ આપવા જણાવેલ છે તેમાં કેટલાક લાભાર્થી પોતાના નામે શૌચાલય ફળવાયુ હોવાની બાબતથી જ અજાણ હોવાના પણ અનેક કિસ્સાઓ છે.

> ફતેપુરા તાલુકામાં વ્યક્તિગત બનાવેલ શૌચાલયમાં તાલુકા પંચાયત દ્વારા નાણાં ચુકવવામાં આવતા ન હોવાનું પણ સામે આવ્યું છે. જે લોકો વ્યક્તિગત શૌચાલય બનાવે છે. તેમને માત્ર ધરમના ધક્કા જ ખવડાવતા હોય તેવું જાણવા મળી રહ્યું છે.

બીજી બાજુ જોઈએ તો ફતેપુરા તાલુકામાં જે લોકોએ વ્યક્તિગત રીતે શૌચાલયનું બાંધકામ કરેલ છે. તેવા લાભાર્થીઓ છેલ્લા એક વર્ષ ઉપરાંતથી તાલુકાના ધક્કા ખાતા હોવા છતાં તેઓને શૌચાલયના મળવાપાત્ર નાણા ચૂકવવામાં નહીં આવતા હોવાની પણ ફરિયાદો ઉઠવા પામેલ છે. જ્યારે તાલુકામાં શૌચાલય માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ત્યારે-ત્યારે મિશન મંગલમ જૂથો તથા સખી મંડળોના નામે લાખો રૂપિયા ફાળવી આપવામાં આવતા હોય છે. ત્યારે આ સખી મંડળો તથા મિશન મંગલમ જૂથો અને ગ્રામ પંચાયતો દ્વારા ખરેખર શૌચાલયની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે કે કેમ? તેની તપાસ બાદ જ આ નાણાં ફાળવવા જોઈએ.

અહીંયા એ પણ નોંધનીય બાબત છે કે, ફતેપુરા તાલુકામાં વિવિધ વિકાસ કામો પાછળ વર્ષે કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે.પરંતુ ફાળવાયેલ નાણા પૈકી કેટલાક નાણાનો દુરૂપયોગ પણ થઈ રહ્યો છે.ત્યારે સરકારના શાસનને સ્થિર રાખવામાં સ્થાનિક વહીવટીતંત્રો આડખીલી રૂપ બનતા હોય તેવું પણ જણાઈ રહ્યું છે અને છેલ્લા પાંચેક વર્ષથી ફતેપુરા તાલુકામાં શૌચાલયના બાંધકામ પાછળ સરકાર દ્વારા ફાળવવામાં આવતા નાણાંનો દુરૂપયોગ થઈ રહ્યો હોવાનું તાલુકાની પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત ફતેપુરા તાલુકામાં ફાળવવામાં આવેલ નાણાં તથા તેના દ્વારા કરવામાં આવેલ કામગીરીની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે તેમાં કોઈ બેમત નથી.

## દાહોદ શહેર અને જીલ્લામાં શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દોડતું થયું : દવા છંટકાવ અને ફોંગીગ શરૂ કર્યું

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં ડેન્ગ્યુંના શંકાસ્પદ કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. દાહોદ તાલુકા હેલ્થ કચેરીના અંતર્ગુ સુત્રો પાસેથી જાણળા મળ્યાં અનુસાર દાહોદ જિલ્લામાં ૫૦ જેટલા ડેગ્ન્યુના શંકાસ્પદ કેસ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો રાફડો ફાટી રહ્યો છે. ત્યારે આ મામલે આરોગ્ય તંત્ર દ્વારા જાહેર જનતાના આરોગ્યને હિતમાં રાખી આરોગ્યલક્ષી કામગીરીનો આરંભ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે. જાણવા મળ્યાં અનુસાર, સૌથી વધુ કેસ દાહોદ શહેરમાં છે. ત્યારે ફોગીંગ અને દવાનો છંટકાવ કરવામાં આવે તે જરૂરી છે.

એક તરફ કોરોના મહામારીની ત્રીજી લહેરની આશંકાઓ અને બીજી તરફ હાલ ચોમાસાની ઋતુમાં પાણીજન્ય રોગોથી પણ જાહેર જનતામાં ચિંતાનો માહોલ સતાવી રહ્યો છે. ખાસ કરીને ડેગ્ન્યું જેવા રોગે દાહોદ શહેર જિલ્લામાં પગ પેસારો કર્યો હોય તેમ લાગી રહ્યું છે. જિલ્લામાં કુલ ૫૦ જેટલા ડેન્ગ્યુંના કેસો સામે આવ્યાં છે. ઘણા કેસો ખાનગી હોસ્પિટલોમાં જતાં ત્યાં રિપોર્ટમાં ખુલાસો થયો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં પણ દર્દીઓનો રાફડો ફાટી રહ્યો છે. શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણોના દર્દીઓનો હોસ્પિટલોમાં ભારે ઘસારો પણ જોવા મળી રહ્યો છે. મચ્છર જન્ય રોગોના ઉપદ્રવને ડામવા દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સુનિશ્ચિત આયોજન કરે તે અતિ આવશ્યક બન્યું છે. ડેન્ગ્યું, મલેરીયા, ટાઈફોડ જેવી બિમારીઓએ જિલ્લામાં પગપેસારો કરતાં લોકોના સ્વાસ્થ્ય પર અસર જોવા મળી રહી છે. મચ્છર જન્ય રોગોને નાથવા આરોગ્ય તંત્ર દ્વારા દાહોદમાં મચ્છર જન્ય રોગોને રોકવા માટે તંત્ર દ્વારા દવાનો છંટકાવ તેમજ ફોગીગ કરવામાં આવે તો મચ્છરથી થતા રોગો ઉપર અંકુશ આવી શકે તેમ છે. ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે નગર તેમજ તાલુકામાં દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## ફતેપુરા તાલુકામાં જૈન સમાજનો પવિત્ર તહેવાર હોવા થી ૮ દિવસ કતલખાના બંધ રાખવા અનુરોધ કરાયો

ફતેપુરા,

ફતેપુરા તાલુકા માં પર્યુષણ પર્વ નિમિતે સમગ્ર ફતેપુરામાં ચાલતા કતલખાના બંધ રાખવા અને પશુઓની કતલ ન કરવા શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રી સંઘ ફતેપુરા દ્વારા મામલતદાર તેમજ ફતેપુરા સરપંચને આવેદનપત્ર પાઠવી અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવાલયના પત્ર અન્વયે આગામી તા.૩ થી ૧૦ સપ્ટેમ્બર જૈનોના પવિત્ર પર્યુષણ પર્વ હોય ફતેપુરા તાલુકાના હદમાં આવેલા કતલખાના બંધ રાખવા જૈન સંઘ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત આ દિવસોમાં પશુઓની કતલ ન કરવા કતલખાના ચલાવતા ધંધાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો. પર્યુષણના પાવન પર્વ નિમિત્તે જીવહત્યા ન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. દસ દિવસ દરમિયાન પર્યુષણમાં ઉપવાસના, વ્રતને દયાન કરવામાં આવતું હોવા થી અને વર્ષમાં આવતો મોટામાં મોટી જૈન સમાજનો તહેવાર હોવાથી જૈન સમાજ ફતેપુરા તરફ થી ફતેપુરા તાલુકાના તમામ કતલખાના ૮ દિવસ માટે બંધ રાખવા માટે અનુરોધ કરવામાં આવ્યો.

## ગરબાડાના માતવાના સરકારી અનાજનો જથ્થો વગે કરતા સંચાલકને લોકોએ પકડ્યો

ગરબાડા,

ગરબાડા તાલુકાના માતવા ગામે સસ્તા અનાજની દુકાનના સંચાલક દ્વારા અમુક દિવસ પુર્વે સસ્તા અનાજનો જથ્થો પીકઅપ ગાડીમાં ભરી સગેવગે કરવા જતાં ગામલોકો દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો. ગરબાડા મામલતદાર કચેરીએ આ બાબતની જાણ કરવામાં હતી. ત્યારબાદ કોઈપણ પ્રકારની કાર્યવાહી ન થતાં ગામલોકો દ્વારા દાહોદ કલેકટરને આવેદન આપવામાં આવ્યુ હતુ. ગામલોકોના જણાવ્યા પ્રમાણે આ સસ્તા અનાજની દુકાનના સંચાલક લોકોને પુરતો જથ્થો આપતો નહોતો. તેની રજુઆત પણ કરી પરંતુ કોઈપણ કાર્યવાહી કરવામાં આવી ન હતી. મામલતદાર કચેરી દ્વારા પુરવઠા ના.મામલતદાર દ્વારા ૪૦ જેટલા કાર્ડધારકોના જવાબો લઈ સ્ટોકની ચકાસણી કરી અને ઉપલી કચેરીએ અહેવાલ મોકલ્યો હોવાનુ જણાવ્યુ હતુ.

## સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રણધિકપુર ખાતે ખાલી બેઠકો પર પ્રવેશ મેળવી શકાશે

દાહોદ,

તા. ૦૩ : સીંગવડ ખાતે આવેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રણધિકપુર ખાતે કેટલાંક વ્યવસાયોમાં પ્રવેશ સત્ર ઓગસ્ટ ૨૦૨૧ માં જૂજ બેઠકો ખાલી રહી છે. જે ઉમેદવારો પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેઓ ઓનલાઇન વેબસાઇટ http://itiadmission.gujarat.gov.in ઉપરથી નવું પ્રવેશફોર્મ ભરી સંસ્થા ખાતે આગામી તા. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં જમા કરવાના રહેશે. ઓનલાઇન જનરેટ થયેલી પ્રવેશ ફોર્મની પ્રિન્ટ આઉટ જરૂરી ડોક્યુમેન્ટ સાથે બીડાણ કરી નજીકની કોઈ પણ આઇ.ટી.આઇ. ખાતે જમા કરાવી શકાશે. વધુ માહિતી માટે આ સંસ્થા અથવા નજીકની સરકારી કે જીઆઇએ આઇટીઆઇનો સંપર્ક કરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રણધિકપુરના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનમાં મુસાફરોએ બેગ ભુલી જતાં સત્તાધિશો દ્વારા બેગ મુસાફરોને પરત કરી

દાહોદ,

દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે એક ટ્રેનમાં બે યાત્રીઓ પોતાનું બેગ ભુલી જતાં આ બેગ પાર્સલ ઓફીસમાં પહોંચ્યું હતું અને યાત્રીઓએ આ મામલે દાહોદ રેલ્વે સ્ટેશનને જાણ કરતાં દાહોદ રેલ્વે સ્ટેશનના સત્તાધિશો દ્વારા પાર્સલ ઓફિસમાં તપાસ કરી બેગને કબજે કર્યું હતું અને બેગની તલાસી લેતાં તેમાં સાડીઓ, રોકડા રૂપીયા ૪૮ હજાર વિગેરે મળી આવ્યું હતું અને બેગના માલિક એટલે કે, મુસાફરોને જાણ કરતાં મુસાફરો દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે આવી પહોંચ્યાં હતાં અને દાહોદ રેલ્વે સ્ટેશનના સત્તાધિશોએ જરૂરી કાર્યવાહી કરી બેગને મુસાફરોને પરત કર્યું હતું. ગત તા.૦૩.૦૯.૨૦૨૧ના રોજ અવંતિકા એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફર કરી રહેલાં આમીર હુસૈન તથા ઈમરાન નવાઝ (બંન્ને રહે.વારાણસી, ઉત્તર પ્રદેશ) ટ્રેનમાં બેસી સુરતથી ઈન્દૌર યાત્રા કરી રહ્યાં હતાં. તેમનું બેગ દાહોદથી ઉતરતા એક યાત્રીના સામાન સાથે જતું રહ્યું હતું. આ અંગે ઉપરોક્ત મુસાફરોએ દાહોદ રેલ્વે સ્ટેશનને જાણ કરી હતી અને દાહોદ રેલ્વે સ્ટેશનના સત્તાધિશોએ રેલ્વે સ્ટેશન ખાતે બેંગની તલાસી કરી હતી અને સીસીટીવીના ફુટેજોની પણ ચકાસણી કરી હતી. સીસીટીવીના ફુટેજમાં કોઈ વ્યક્તિ પાર્સલ કાર્યાલયમાં મહેરૂમ કલરનું બેગ મુકી જતો રહ્યો હતો. આ જોતા દાહોદ રેલ્વે સ્ટેશનના સત્તાધિશોએ પાર્સલ ઓફિસમાં જઈ આ બેગ કબ્જે લીધી હતી અને તેની તપાસ કરતાં બેગની અંદરથી ૦૪ નવી બનારસી સાડી, થોડા જુના કપડા અને રોકડા રૂપીયા ૪૮,૦૦૦ રોકડા મળી આવ્યાં હતાં. દાહોદ રેલ્વે સત્તાધિશો દ્વારા ઉપરોક્ત બંન્ને મુસાફરોને તેઓની બેગ મળી ગઈ હોવાની જાણકારી આપતાં મુસાફરો દાહોદ રેલ્વે સ્ટેશન આવી પહોંચ્યાં હતાં જ્યાં મુસાફરોનું ખોવાયેલ બેગ રેલ્વે સત્તાધિશોએ જરૂરી કાર્યવાહી કરી મુસાફરોને પરત સોંપ્યું હતું.

## દે.બારીયા શહેરમાં રોગચાળો વકર્યો : ડેન્ગ્યુ, ચિકનગુનીયાના કેસો જોવા મળતા તંત્ર દ્વારા ફોંગીગની કામગીરી સઘન બનાવાઈ

દે.બારીયા,

દે.બારીયા શહેર તથા આસપાસના ગ્રામ્યમાં રોગચાળો વકર્યો છે. ખાસ કરીને કસ્બા વિસ્તારમાં દુષિત પીવાનું પાણીનો પુરવઠો આપવામાં આવે છે. આ અંગે અનેકવાર વોર્ડના સભ્યો એ રજુઆતો કરવામાં આવી છે. તેમ છતાં પાલિકાના દ્વારા દુષિત પીવાના પાણીનો કોઈજ ઈલાજ આજ સુધી કરવામાં તંત્ર કેમ નિષ્ફળ છે. તે સમજાતું નથી. મચ્છરોનો ઉપદ્રવ હાલના દિવસો વધુને વધુ વકરતો જાય છે. જેથી નિયમીત ફોંગીગ કરવામાં આવશે તો મચ્છોરોન ત્રાસ ઘટી શકે છે.

મળતી માહિતી અનુસાર શહેરના મોટાભાગોમાં તથા ગ્રામ્યના વિસ્તારોમાંથી આવતા પેશન્ટોની ખાનગી તેમજ સરકારી દવાખાનાઓમાં ડેન્ગ્યુ, મેલેરીયા, તાવ તથા ઝાડા-ઉલ્ટી, ચિકન ગુનીયાના કેસોમાં સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. જેથી તાલુકા અને જીલ્લાના આરોગ્ય તંત્ર સર્વેનું કાર્ય હાથ ધરી ધર્મશાળાનો વિસ્તાર, જાની ફળીયા, ભે ફળીયા, ભાગેલા કોટ તેમજ કસ્બાના કાવરી મહોલ્લામાં નીચવાસ ફળીયામાં રોડનું કાર્ય અધુરુ હોવાથી ગટરોનું ગંદુ પાણી રોડ ઉપર વહે છે. તેનું સમારકાર્ય કરવામાં આવે તો મચ્છોરોનું ઉપદ્રવના વધે તેવા પ્રયત્નો કરવામાં આવે તો મચ્છરોનું ઉપદ્રવના વધે તેવા પ્રયત્નો કરવામાં આવે આપણા ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષમી ગાંઠ મનાવી રહ્યા છે. તેમ છતાં આપણે એક મેડીસ મેલેરીયા ફેલાવતો માદા મચ્છરનો નાબુદ કરવા માટે મથી રહ્યા છે ?

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, ગલાલીયા કુવા થી કસ્બા, પારેખ શેરીમાં હાલમાં પીવાનું પાણી દુષિત કાદવ-કીચડ સાથે નળ આવે તેમ સમયે આવે છે. છતાં પણ કુંભકર્ણની નીંદ્રામાં વોટર્સ વર્ક વિભાગ ક્યાં સુધી અનદેખી કરતું રહેશે.ઢ તે યક્ષ પ્રશ્ન છે. હાલમાં આ દુષિત પાણી ઘણા સમયથી પીવાનો ઉપયોગમાં લેતા નથી. પીવા માટે પાણી બોર માંથી ઉપયોગ કરે છે. દુષિત પાણીનું નિરાકરણ લાવતા નથી. પાણીની પાઈપો જે વર્ષો જુની છે. તે બદલાવાય તો દુષિત પાણીની સમસ્યા હલ થાય તેમ છે. પરંતુ આમ કરવું નથી. રોગચાળો વધુ વકરે તે પહેલા પગલાં ભરાશે તે તો આવનારો સમય બતાવશે.

## ધાનપુરના ભોરવા ગામે ICIC બેંકના ગ્રાહકો પોલીસી ચાલુ કરવા અને રીફંડ અપાવાના નામે ૧.૧૦ લાખની છેતપિંડી

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ભોરવા ગામે આઈસીઆઈસીઆઈ બેન્કના ખાતા ધારક સહિત અન્ય ત્રણ મોબાઈલ નંબરના ધારકોએ એક વ્યકિતને મોબાઈલ પર ફોન કરી પોલીસી ચાલુ કરી આપવા તેમજ રીફંડ આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂા.૧,૧૦,૮૩૦ની છેતરપીંડી, વિશ્વાસઘાત કરતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ભોરવા ગામે ડોઝગર ફળિયામાં રહેતાં ગોપસીંગભાઈ કેસરસીંગ લવારને ગત તા.૦૯.૦૮.૨૦૨૧ થી તારીખ ૨૫.૦૮.૨૦૨૧ના સમયગાળા દમ્યાન તેઓને મોબાઈલ ફોન માદયમથી આઈસીઆઈસીઆઈ બેન્કના એક ખાતેદાર તથા ત્રણ જેટલા મોબાઈલના ધારકોએ ફોન કરી જણાવ્યું હતું કે, ગોપસીંગભાઈની બંન્ને પોલીસી ચાલુ કરી આપશે અને તેમને રીફંડ પણ આપવામાં આવશે. આ લાલચ આપી અવાર નવાર ગોસીંગભાઈના મોબાઈલ ફોન પર ફોન કરતાં હતાં અને ગોપસીંગભાઈને વિશ્વાસમાં લઈ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે અલગ અલગ સમયે અલગ અલગ રકમ મળી કુલ રૂા.૧,૧૦,૮૩૦ આઈસીઆઈસીઆઈ બેન્કના એકાઉન્ટમાં ભરાવડાવી ગોપસીંગભાઈ સાથે છેતરપીંડી, વિશ્વાસઘાત કરતાં આ સંબંધે ગોપસીંગભાઈ કેસરસીંગ લવાર દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તા.03/0૯/૨૧ ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજ કેમ્પસમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વૃક્ષારોપણ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં દા.અ.મ.સા.એ.સો. ના જોઈન્ટ ડાયરેક્ટર કોલેજ કેમ્પસ અને કન્વીનર મિહીરભાઈ શાહ સર વિશેષ ઉપસ્થિતિ રહ્યા. તેમજ કોલેજના આચાર્ય ડાભી સર, તમામ સ્ટાફ સભ્યો અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા.

## દાહોદમાં જૈન ધર્મના મહાપર્વ પર્યુષણનો આજથી પ્રારંભ

દાહોદ,

દાહોદ જૈન ધર્મના મહાપર્વ પર્યુષણ પર્વનો મુર્તિપુજક જૈન સંઘનો આજથી આરંભ થઈ ગયો છે. ચાતુર્માસ દરમ્યાન આળતાં આ પર્વનો જૈન ધર્મમાં વિશેષ મહત્વ છે. પર્યુષણ પર્વને આવકારવા માટે દેરાસરો રોશનીથી ઝળહળી ઉઠયાં છે. જયારે સ્થાનકવાસી જૈન સમાજના પર્યુષણ આવતી કાલથી શરૂ થનાર છે.

આઠ દિવસના પર્યુષણ પર્વ નિમિત્તે ઉપાશ્રયોમાં રોજ સવાર ખાસ વ્યાખ્યાન થશે. સાંજે પ્રતિક્રમણની સાથે શ્રાવક વર્ગ ઉપવાસ, આયંબિલ, એકાસણું આદિ કરશે. મુર્તિપુજક જૈન સંઘના ધાર્મિક કાર્યક્રમ દાહોદ શહેરના દૌલતગંજ બજાર સ્થિત ઉપાશ્રયમાં થશે. જયારે સ્થાનકવાસી જૈન સંઘના કાર્યક્રમો હનુમાન બજાર સ્થિત જૈન સ્થાનકમાં થનાર છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં ચાલતા કતલખાના બંધ રાખવા અને પશુઓની કતલ ન કરવા જૈન સમાજ દ્વારા સંલગ્ન તંત્રને રજુઆત પણ કરવામાં આવી હતી. ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવાલયના પત્ર અન્વયે આગામી તા.૩ થી ૧૦ સપ્ટેમ્બર જૈનોના પવિત્ર પર્યુષણ પર્વ હોય કતલખાના બંધ રાખવા જૈન સંઘ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત આ દિવસોમાં પશુઓની કતલ ન કરવા કતલખાના ચલાવતા ધંધાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.11

